August 08, 2026

| To,<br>**BSE Limited,**<br>Department of Corporate Affairs,<br>Phiroze Jeejeebhoy Towers,<br>Dalal Street, Mumbai-400001<br>Maharashtra, India | **Scrip Code: 500159**<br>**Security ID: METROGLOBL**<br>**ISIN: INE085D01033** |
|---|---|

**Subject:** **Publication of Newspaper Advertisements - Unaudited Financial Results (Standalone and Consolidated) for Quarter Ended June 30, 2026**

**Reference:** **Regulation 47 and 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Dear Sir / Madam,

With reference to the subject matter and pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosures Requirements) Regulations, 2015, we wish to inform you that the Board of Directors of the Company at its meeting held on Friday, August 08, 2026 has *inter alia* approved the Unaudited Financial Results (standalone and consolidated) for the quarter ended June 30, 2026. The aforesaid Financial Results were published in the following newspapers:

1. Business Standard (English)
2. Jai Hind (Gujarati)

A copy of the results published is attached herewith. These are also being made available on the website of the Company at www.metrogloballimited.com.

You are requested to take the same on your record.

Thanking you,
**For Metroglobal Limited**

**Hetal Koradia**
*Company Secretary and Compliance Officer*
Membership No. A56454

**Encl.** As above

Koradia Hetal Rajeshbhai

Digitally signed by Koradia Hetal Rajeshbhai
DN: c=IN, o=Personal, postalCode=380026, l=Ahmedabad, st=Gujarat, street=45 Amraiwadi, Ahmedabad City, Ahmadabad City Gujarat India 380026 B/H hatkeshwar Bas Depo, title=0365, 2.5.4.20=56f409decc4c37db4fab4c8d1f6bf845dd2a498ea1a17209ff0c11c2f2388a8a, serialNumber=e5401c4f5945563d81da5d0a9d62201695ce637b31b5e002fc1e68eac387628c, email=hetalkoradia227@gmail.com, cn=Koradia Hetal Rajeshbhai
Date: 2026.08.08 13:46:20 +05'30'

# લીંભોઈમાં સ્ટોરના ગોડાઉનમાંથી હજારોના એલ્યુમિનિયમ વાયરોની ચોરી

મોડાસા, તા.૭

મોડાસા તાલુકાના ગામ લીંભોઈ ખાતે આવેલા પ્રાદેશિક સ્ટોરના ગોડાઉનમાંથી ૩ થી ૪ અજાણ્યા શખ્સોએ રૂ. ૭૦,૦૦૦/-ના એલ્યુમિનિયમ વાયર ચોરી ગયા હતા. ચોરોએ સીસીટીવી કેમેરા તોડી પાછળની દિવાલ બાજુએથી પ્રવેશ કર્યો હતો.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં યુ.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર શશીકાન્ત ડામોરે નોંધાવેલી ફરિયાદ મુજબ લીંભોઈ ખાતે આવેલા જી.ઈ.બી.ના પ્રાદેશિક સ્ટોરના ગોડાઉનમાં તા.૩૦-૭-૨૬ના રોજ હરાજીમાં વેચાયેલા બીનઉપયોગી સ્ક્રેપ એલ્યુમિનિયમનો ૭૫૦ કિલો

## મોડાસા રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો

વાયર મૂકવામાં આવ્યો હતો. જેની કિંમત અંદાજે રૂ.૭૦ હજાર છે. જે એલ્યુમિનિયમ વાયરની ચોરી થઈ હતી. સીસીટીવી કેમેરા ચેક કરતા પાછળના ભાગે ૩ કેમેરા ત્રાંસા કરેલા જોવા મળ્યાં હતા. તપાસ કરતા સીસીટીવીમાં રાત્રે અજાણ્યા શખ્સો પાછળની દિવાલથી પીવીસી પાઈપ દ્વારા કેમેરા નીચા કરી એલ્યુમિનિયમના વાયર ચોરીને જતા ૩ થી ૪ શખ્સો દેખાયા હતા.

આમ લીંભોઈ ગામ પ્રાદેશિક સ્ટોરમાંથી રૂ.૭૦ હજારના એલ્યુમિનિયમ વાયરો ચોરાયા હતા. આ અંગે યુજીવીસીએલના નાયબ ઈજનેર શશીકાન્ત ભૂપેન્દ્રભાઈ ડામોરે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



ભાભર જૂના પે. કે. શાળામાં સમોર માતાજી ટ્રસ્ટ, કાકર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને ચોપડા વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યમાં સેવંતીલાલ હરગોવિંદદાસ મુજપુરા અને નિવૃત્ત શિક્ષક યોગેશભાઈ એ. રાવલનો સહયોગ મળ્યો. ભાભર જૂનાની સાથે ભાભર શહેરમાં આવેલ તમામ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને આ ટ્રસ્ટ દ્વારા ચોપડા આપવામાં આવ્યા. શાળાના આચાર્ય તથા સ્ટાફગણ અને ગ્રામજનો આ કાર્યમાં સેવા આપનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. (તસ્વીર : મહેન્દ્ર ઠક્કર - ભાભર)

# મોડાસામાં અંતિમધામમાં ગેસ આધારિત ભઠ્ઠીની સેવાનો પ્રારંભ થયો

મોડાસા, તા.૭

મોડાસા નગરમાં મહાજન દ્વારા અદ્યતન અંતિમધામની સેવાઓ પૂરી પડાઈ રહી છે. આ સ્મશાનગૃહમાં રૂ.૩૦ લાખના ખર્ચે ગેસ આધારિત ભઠ્ઠીની સેવાનો પ્રારંભ કરાયો હતો. પ્રદૂષણમાં ઘટાડો થાય તે રીતે મૃતકને અંતિમ સંસ્કાર આપવાની સેવા શરૂ કરાઈ છે.

મોડાસા મહાજન મંડળના પ્રમુખ જયેશભાઈ પરમાનંદભાઈ દોશીના જણાવ્યા મુજબ ઘણા વર્ષોથી અંતિમધામ (સ્મશાનગૃહ)નું સેવાભાવી અને સુચારુ સંચાલન મહાજન મંડળ મોડાસા દ્વારા કરવામાં આવે છે. આધુનિક સુવિધાઓથી સજ્જ મોડાસાના અંતિમધામ ખાતે મહાજન મંડળ, મોડાસાના સતત બે વર્ષના પ્રયત્નો થકી રૂ.૩૦

## પાલિકા દ્વારા રૂ.૧૫ લાખની ગ્રાન્ટનો સહયોગ મળ્યો

લાખના ખર્ચે ગેસ આધારીત ભઠ્ઠી તૈયાર થતાં સેવાનો પ્રારંભ કરાયો હતો. આ ગેસ ભઠ્ઠીની સેવાથી માત્ર ૧થી સવા કલાકમાં મૃતદેહનો અંતિમ સંસ્કાર થશે. આધુનિક સુવિધા અને પર્યાવરણ સુરક્ષા - સંરક્ષણના હેતુથી આ ગેસ ભઠ્ઠી આધારીત અંતિમધામ શરૂ કરલ છે. આ અંતિમધામમાં મૃતકના સ્વજનોને સ્થળ ઉપર જ મૃતકના અસ્થિ (ફૂલ) અપાશે અને જરૂર પડે મહાજન મંડળની રોટરી ક્લબ, મોડાસા સંચાલિત અસ્થિ બેંકની સેવાથી આ અસ્થિનું હરિદ્વાર ખાતે વિસર્જન પણ કરવામાં આવશે. આ અંતિમધામની ગેસ ભઠ્ઠીના સેવામાં મોડાસા નગરપાલિકા રૂ.૧૫ લાખ દાન, સંસદ સભ્ય દ્વારા મળેલ ૧૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ અને ધારાસભ્યની રૂ.૫ લાખની ગ્રાન્ટનો સહયોગ મળ્યો છે.

# મોડાસામાં કારમાંથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો

મોડાસા, તા.૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય વડા મથક મોડાસાનગરના ટાઉન મથકની પોલીસે બિયરના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા ટાઉન પોલીસ મથકની ટીમ મોડાસા ટાઉન વિસ્તારમાં સી.એન.જી. ગેસ સ્ટેશન નજીક વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, રાજસ્થાન તરફથી એક સફેદ કલરની સ્વિફ્ટ કાર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને શામળાજી - જીવણપુર થઈ મોડાસા તરફ આવી રહી છે. બાતમીના આધારે પોલીસે સીએનજી ગેસ સ્ટેશન નજીક નાકાબંધી કરી કારને રોકીને કારની તપાસ કરતા તેમાંથી રૂ.૫૨,૧૪૦/-ની ભારતીય બનાવટની બિયરની ૯ પેટીઓ મળી આવી હતી. પોલીસે ઘટના સ્થળેથી કારચાલક સંજય વિક્કીભાઈ માળી (ઉ.વ.૧૯, રહે.ચકલાસી ભાગોળ, તા.નડિયાદ) અને એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરની અટકાયત કરી હતી. પોલીસે કુલ રૂ.૫,૬૨,૧૪૦/-નો કાર સહિત બિયર જથ્થાનો ૨૩૭ બીયર ટીન કબજે લઈ અજાણ્યા ઈસમ સામે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### આબુમાં બ્રહ્માકુમારીઝ દ્વારા

# હકારાત્મક જીવનશૈલી સંદર્ભે કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૭

દિનચર્યાનું નિયમિત ન હોવું, તણાવ, ડિપ્રેશન, ખાનપાનનું અસંતુલન તથા ખુદ પ્રત્યે લાપરવાહી હૃદયરોગને ઝડપથી પ્રોત્સાહન આપી રહ્યું છે. મોડેથી ઊંઘવું અને મોડેથી ઊઠવું એ કેટલીક એવી આદતો છે જેના કારણે દેશમાં ઝડપથી હૃદયરોગ પોતાના પગ પેસારો કરી રહ્યો છે.

બ્રહ્માકુમારીઝના મીડિયા સંયોજક શશિકાંત ત્રિવેદીના જણાવ્યા અનુસાર આ ઉદ્‌ગાર હૃદયરોગ નિષ્ણાત તથા થ્રીડી હેલ્થ કેર (દિલવાલા) કાર્યક્રમના નિર્દેશક ડૉ. સતીશ ગુપ્તાએ વ્યક્ત કર્યા. તેઓ બ્રહ્માકુમારીઝ સંસ્થાન ગ્લોબલ ઓડિટોરિયમ મનમોહિનીવનમાં હૃદયરોગીઓ માટે આયોજિત ૬ દિવસીય કેડ કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે કહ્યું કે, પહેલાં એક ઉંમર પછી લોકોને હૃદયરોગની આશંકા રહેતી હતી. બદલાતી જીવનશૈલી અને જીવન પદ્ધતિથી ઉંમરની સમયસીમા સમાપ્ત થઈ ગઈ છે. કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝ સંસ્થાનના મહાસચિવ રાજયોગી બી.કે. કરુણાભાઈએ કહ્યું કે જ્યારે આપણે ખુદને આત્મા સમજીએ છીએ તો તેનાથી જીવનમાં આધ્યાત્મિક શક્તિનો વિકાસ થાય છે.

## ઓધારી ગાર્ડનમાં ફીમાં વધારાનો વિરોધ કરવામાં આવ્યો

મોડાસા, તા.૭

મોડાસા નગરપાલિકા દ્વારા નગરના એકમાત્ર ઓધારી ગાર્ડનમાં દર શનિવાર અને રવિવારે બગીચામાં પ્રવેશ માટે રૂ.૫/- પ્રવેશ ફી વસૂલાય છે. વ્યક્તિદીઠ વસૂલાતી આ ફીમાં પાલિતા તંત્ર દ્વારા બમણો વધારો આ પ્રવેશ ફી રૂ.૧૦ કરાતા તથા નગરના જે વિસ્તારોનો ટેક્ષ બાકી હોય તેવા વિસ્તારમાં વિજળી સહિતના વિકાસ કામો હાથ ધરવાની ભેદભાવ નીતિ સામે વિરોધ પક્ષના નેતા શાહનવાજ (શાનુ) મલેકની અગુવાઈ આગેવાની હેઠળ વિપક્ષે વિરોધ વ્યક્ત કરી બળાપો ઠાલવી વિરોધ નોંધાવ્યો હતો.

નગરપાલિકાની સામાન્ય સભામાં માલપુર રોડથી કાર્તીકય સોસાયટી ડી.પી. રોડને ડૉ.શ્યામાપ્રસાદ માર્ગ અને કોલેજ રોડ મીરઝાપાર્ક વિસ્તારના રોડને મરહુમ ઈરશાદબેગ મીરઝા માર્ગનું નામકરણ કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું હતું.

### વન વિભાગની રેસ્કયુ ટીમ દ્વારા રીંછને પકડવાની કાર્યવાહી

# પાલનપુરના હસનપુરમાં રીંછના હુમલામાં ચાર ગ્રામજનો ઈજાગ્રસ્ત

પાલનપુર, તા.૭

પાલનપુર તાલુકાના હસનપુર ગામની સીમમાં વહેલી સવારે રીંછ દેખાતા માનવ-વન્યપ્રાણી ઘર્ષણની ઘટના બની હતી. સવારે ૭:૦૦ વાગ્યે રીંછના હુમલામાં વિક્રમભાઈ હીરાભાઈ માલુણા (ઉ.વ.૩૨), સંજયભાઈ હીરાભાઈ માલુણા (ઉ.વ.૨૫) અને રૂપાબેન તખાજી માલુણા (ઉ.વ.૫૦) ઈજાગ્રસ્ત થયા હતા. ગ્રામજનો તેમજ વન વિભાગની ટીમે ઈજાગ્રસ્તોને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. ઘટનાની જાણ થતાં બનાસકાંઠા વન્યજીવ વિભાગની રેસ્ક્યૂ ટીમ અને સ્થાનિક પોલીસ સ્થળ પર પહોંચી કામગીરીમાં જોડાઈ હતી.

વન વિભાગ દ્વારા રીંછને ટ્રેન્ક્યુલાઈઝ કરવા સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, પરંતુ વિસ્તાર ગીચ ઝાડીવાળો હોવાથી રીંછ વારંવાર ઝાડીમાં છુપાઈ જતાં કામગીરીમાં મુશ્કેલી સર્જાઈ હતી. આ દરમિયાન રીંછે વધુ એક વ્યક્તિ શક્તિભાઈ ઘેમરભાઈ માલુણા (ઉ.વ.૨૫)ને ઈજા પહોંચાડી જંગલ વિસ્તારમાં જતું રહ્યું હતું. હાલ ચારેય ઈજાગ્રસ્તો પાલનપુર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાને પગલે વિસ્તારમાં વન વિભાગના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ અને તપાસ હાથ ધરવામાં આવી રહી હોવાનું નાયબ વન સંરક્ષક, બનાસકાંઠા વન્યજીવ વિભાગ, પાલનપુર દ્વારા યાદીમાં જણાવાયું છે.

### આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માણસામાં

# મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૭

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર તથા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માણસા દ્વારા ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતામાં મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે "હું ભારતની નારી છું, ફૂલ છું અને ચિંગારી પણ છું" ના પ્રેરણાદાયી નારા સાથે દીકરીઓ પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિકોણ કેળવવા હાકલ કરી હતી. તેમણે સેલ્ફ ડિફેન્સ, ફાયર સેફ્ટીની તાલીમ મેળવવા અને હેલ્થ ચેકઅપ કરાવી તંદુરસ્તીને જાળવવા અનુરોધ કર્યો હતો.

દહેજ પ્રતિબંધક અધિકારી આર. એમ. ઝીંઝાળાએ 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (રોકથામ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩' હેઠળ સુરક્ષિત વાતાવરણ, ફરિયાદ પ્રક્રિયા અને કાયદાકીય રક્ષણ વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. તુષારભાઈ વ્યાસે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી આવા શૈક્ષણિક અને જાગૃતિ કાર્યક્રમોનું મહત્વ દર્શાવ્યું હતું.

### વેસ્ટ ઝોન શૂટિંગ સ્પર્ધામાં બે મેડલ મેળવ્યા

# દસાડાના ભાઈ-બહેનની શૂટિંગમાં ઐતિહાસિક સિધ્ધિ

વઢવાણ, તા.૭

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા ગામના ભાઈ-બહેન ઝીશાનખાન ખોખર અને ઝુવેરિયાબાનુ ખોખરે મધ્ય પ્રદેશના ભોપાલ ખાતે યોજાયેલી ૧૩મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપમાં બંને ભાઈ-બહેને પોતાના પ્રદર્શનથી માત્ર દસાડા ગામ કે સુરેન્દ્રનગર જિલ્લાનું જ નહીં, પરંતુ ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે.




ભારતના વિવિધ રાજ્યોના પ્રતિભાશાળી શૂટરો વચ્ચે યોજાયેલી આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દસાડાના યુવા શૂટર ઝીશાનખાન ખોખરે અદ્‌ભૂત નિશાનબાજીનું પ્રદર્શન કરીને ૫૦માંથી ૪૧ પોઈન્ટ મેળવ્યા અને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો.આ સફળતાની ખુશીમાં વધુ એક ગૌરવનો ઉમેરો ત્યારે થયો જ્યારે ઝીશાનખાનની બહેન ઝુવેરિયાબાનુ ખોખરે આ સ્પર્ધામાં ૫૦માંથી ૩૦ પોઈન્ટ મેળવી બ્રોન્ઝ મેડલ જીત્યો. એક જ પરિવારના ભાઈ અને બહેને એકસાથે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મેડલ જીતીને રમત-ગમત ક્ષેત્રે પ્રેરણાદાયી ઈતિહાસ સર્જ્યો છે. ઝીશાનખાનની આ સિદ્ધિના આધારે તેઓ હવે નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થયા છે.

METROGLOBAL LIMITED
STRIVING FOR EXCELLENCE...

રજી. ઓફિસઃ ૫૦૬-૫૦૯, શીલ્પ, ગીરીશ કોલ્ડ ડ્રીંક્સ સામે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત.
વેબસાઈટઃ www.metroglobalIimited.com ઈ-મેઈલઃ cs@metroglobal.in CIN: L21010GJ1992PLC143784

**૩૦ જુન, ૨૦૨૬ના રોજ સમાપ્ત થયેલા ત્રીમાસિક ગાળા માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને એકીકૃત નાણાંકિય પરિણામોનું નિવેદન**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, શુક્રવાર, ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬, ના રોજ યોજાયેલી તેની મીટિંગમાં, ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરના અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોને તેના લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ સાથે રેગ્યુલેશન ૩૩ના સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ મંજૂરી આપી અને તેને રેકોર્ડ પર લીધા. વધુમાં, બોર્ડે વ્યવસાયના સામાન્ય અભ્યાસ ક્રમ માટે આનુષંગિક અને જરૂરી અન્ય બાબતો અને નોંધોને ધ્યાનમાં લીધા અને મંજૂર કર્યા.
રિપોર્ટની સાથે પરિણામો કંપનીની વેબસાઇટ પર https://www.metroglobalIimited.com/ quarterly-and-half-yearly-reports/ પોસ્ટ કરવામાં આવ્યા છે અને આપેલા ક્યૂઆર કોડને સ્કેન કરીને તેને જોઈ શકાય છે.

(Rs. In Lakhs except EPS)

| Sr. No. | Particulars | STANDALONE | | | CONSOLIDATED | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | Year Ended | Quarter Ended | | Year Ended |
| | | 30.06.2026 Unaudited | 30.06.2025 Unaudited | 31.03.2026 Audited | 30.06.2026 Unaudited | 30.06.2025 Unaudited | 31.03.2026 Audited |
| 1 | Total Income | 8,438.77 | 6,721.55 | 24,551.93 | 8,440.68 | 6,721.67 | 24,663.48 |
| 2 | Net Profit / (Loss) before tax* | 731.55 | 561.54 | 3,040.51 | 752.42 | 561.17 | 3,103.22 |
| 3 | Net Profit / (Loss) after tax* | 478.97 | 397.00 | 2,150.81 | 496.20 | 396.63 | 2,209.09 |
| 4 | Earnings Per Share - Basic and Diluted | 3.88 | 3.22 | 17.44 | 4.02 | 3.22 | 17.91 |

*(after Exceptional and / or Extraordinary Items)

સ્થળઃ અમદાવાદ
તારીખઃ ઓગસ્ટ ૦૮, ૨૦૨૬

મેટ્રોગ્લોબલ લીમીટેડ વતી,
સહી/-
શ્રી ગૌતમ એમ. જૈન
(ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર – ડીનઃ ૦૦૧૬૦૧૬૭)

દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

CIN: L14292GJ2006PLC049371
રજિસ્ટર્ડ સરનામુંઃ ૧૨A અને ૧૪, અભિશ્રી કોર્પોરેટ પાર્ક, આંબલી બોપલ રોડ, આંબલી, અમદાવાદ - ૩૮૦ ૦૫૮. ફોનઃ ૦૨૭૧૭-૨૯૮૫૧૦ ફેક્સઃ ૦૨૭૧૭-૨૯૮૫૨૦
ઈ-મેઈલઃ cs@deepindustries.com • વેબસાઈટઃ www.deepindustries.com

**૨૦મી વાર્ષિક સામાન્ય સભા, ઈ-વોટિંગ, અંતિમ ડિવિડન્ડ અને બુક ક્લોઝર માટે રેકોર્ડ તારીખ માટે શેરધારકોને સૂચના**

૧. આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપની એક્ટ, ૨૦૧૩ ની લાગુ પડતી જોગવાઈઓ તથા કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા બહાર પાડવામાં આવેલા લાગુ પરિપત્રોનું પાલન કરીને, એક સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક ઉપસ્થિતિ વિના AGM ની નોટિસમાં જણાવેલ કામકાજ હાથ ધરવા માટે દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ("કંપની") ની ૨૦મી વાર્ષિક સાધારણ સભા (AGM) મંગળવાર, ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ભારતીય સમય મુજબ સવારે ૧૧:૦૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ (OAVM) ના માધ્યમથી યોજાશે. કંપનીએ શુક્રવાર, ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ કંપની અને/અથવા ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા ઈ-મેઈલ આઈડી ધરાવતા સભ્યોને જ શુક્રવાર, ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટેના વાર્ષિક અહેવાલ સાથે AGM ની નોટિસ માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલી આપી છે. જે સભ્યોના ઈ-મેઈલ સરનામા નોંધાયેલા નથી, તેમને વિગતવાર વાર્ષિક અહેવાલ મેળવવા માટેની વેબ લિંક ધરાવતો ભૌતિક પત્ર પોસ્ટ દ્વારા મોકલવામાં આવ્યો છે. સાધારણ સભાઓ માટેના MCA અને SEBI ના પરિપત્રો અનુસાર AGM ની નોટિસની ભૌતિક નકલો મોકલવાની આવશ્યકતામાંથી મુક્તિ આપવામાં આવી છે. જે કોઈપણ સભ્ય વાર્ષિક અહેવાલની હાર્ડ કોપી (ભૌતિક નકલ) મેળવવા ઈચ્છતા હોય, તેઓ કંપનીને તે માટે લખી શકે છે.

૨. ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટેનો વાર્ષિક અહેવાલ, જેમાં અન્ય બાબતો સાથે ૨૦મી AGM બોલાવવાની નોટિસ અને સ્પષ્ટીકરણ નિવેદન (Explanatory Statement) સમાવિષ્ટ છે, તે કંપનીની વેબસાઉટ www.deepindustries.com પર, સ્ટોક એક્સચેન્જો એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઉટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર તેમજ MUFG ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) ની વેબસાઈટ www.instavote.linkintime.co.in પર ઉપલબ્ધ છે. AGM ની નોટિસમાં દર્શાવેલ દસ્તાવેજો સભ્યો માટે નોટિસના પ્રસારણની તારીખથી ઈલેક્ટ્રોનિક રીતે નિરીક્ષણ (Inspection) માટે ઉપલબ્ધ છે. આવા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવા ઈચ્છતા સભ્યો cs@deepindustries.com પર ઈ-મેઈલ મોકલી શકે છે.

3. કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૨૦ અને સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ સાથે વંચાણે લેતાં કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અનુસાર, કંપની તેના સભ્યોને ૨૦મી AGM ની નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર 'રિમોટ ઈ-વોટિંગ' દ્વારા અને AGM ના સમયે પણ 'ઈ-વોટિંગ' દ્વારા મત આપવાની સુવિધા પૂરી પાડી રહી છે. કંપનીએ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે MUFG ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) ('MIIPL') ની સેવાઓ મેળવી છે.

૪. મંગળવાર, ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ (કટ-ઓફ તારીખ) ફિઝિકલ (ભૌતિક) સ્વરૂપે અથવા ડીમટીરિયલાઈઝ્ડ (ડીમેટ) સ્વરૂપે શેર ધરાવતા સભ્યો LIIPL ના ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ મારફતે AGM ની નોટિસમાં દર્શાવ્યા મુજબના કામકાજ પર ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે છે.

કંપનીના તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કે:

a. રિમોટ ઈ-વોટિંગ શુક્રવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે (IST) શરૂ થશે.

b. રિમોટ ઈ-વોટિંગ સોમવાર, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે (IST) પૂર્ણ થશે અને સભ્ય દ્વારા એકવાર ઠરાવ પર મત આપી દીધા પછી, તેને પાછળથી બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

c. સોમવાર, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા (IST) પછી ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય (Disable) કરી દેવામાં આવશે.

d. આખરી ડિવિડન્ડ અને AGM ની જાહેરાતના હેતુ માટે કંપનીનું સભ્ય રજિસ્ટર (Register of Members) અને શેર ટ્રાન્સફર બુક્સ બુધવાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ થી મંગળવાર, ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.

e. જે વ્યક્તિએ AGM ની નોટિસ રવાના કર્યા પછી અને કટ-ઓફ તારીખ એટલે કે મંગળવાર, ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ પહેલાં શેર પ્રાપ્ત કર્યા હોય અને કંપનીના સભ્ય બન્યા હોય, તેઓ AGM ની નોટિસમાં દર્શાવેલ પ્રક્રિયાને અનુસરીને AGM ની તારીખે ઈલેક્ટ્રોનિક રીતે એટલે કે રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા પોતાનો મત આપવા માટે હકદાર રહેશે.

f. સભ્યો નોંધ લે કે માત્ર તે જ સભ્યો, જેઓ VC / OAVM દ્વારા AGM માં હાજર રહેશે અને જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને અન્યથા તેમ કરવાથી વંચિત નથી, તેઓ ૨૦મી AGM દરમિયાન ઉપલબ્ધ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મત આપવા માટે પાત્ર રહેશે. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી દીધો છે તેઓ AGM માં હાજરી આપવા માટે પાત્ર રહેશે, પરંતુ તેઓ AGM માં ફરીથી મત આપવા માટે પાત્ર રહેશે નહીં.

g. જો શેરધારકો/સભ્યોને લોગિન/ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો હોય, તો તેઓ enotices@in.mpms.mufg.com પર ઈ-મેઈલ મોકલી શકે છે અથવા ફોન નંબરઃ 022 – 4918 6000 પર સંપર્ક કરી શકે છે.

h. કંપનીએ સ્ક્રુટિનાઈઝર (Scrutinizer) તરીકે કાર્ય કરવા માટે M/s. RPAP & Co, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ, અમદાવાદના પાર્ટનર શ્રી રાજેશ પારેખ (મેમ્બરશિપ નં. A8073 અને સર્ટિફિકેટ ઓફ પ્રેક્ટિસ નં. 2939) અને તેઓની ગેરહાજરીમાં પાર્ટનર સુશ્રી ઐશ્વર્યા પારેખ (મેમ્બરશિપ નં. F13318 અને સર્ટિફિકેટ ઓફ પ્રેક્ટિસ નં. 22505) ની નિમણૂક કરી છે.

I. ઈ-મેઈલ સરનામું નોંધાવવાની/અપડેટ કરવાની રીતઃ

i. ફિઝિકલ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો, જેમણે કંપનીમાં પોતાનું ઈ-મેઈલ સરનામું નોંધાવ્યું/અપડેટ કર્યું નથી, તેઓને યોગ્ય રીતે ભરેલું અને સહી કરેલું ફોર્મ ISR-1 જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજો સાથે કંપની/રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ એટલે કે લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ૫મો માળ, ૫૦૬ થી ૫૦૮, અમરનાથ બિઝનેસ સેન્ટર-૧ (ABC-1), ગાલા બિઝનેસ સેન્ટર બાજુમાં, સેન્ટ ઝેવિયર્સ કોલેજ કોર્નર પાસે, સી. જી. રોડની અંદર, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬ ખાતે જમા કરાવીને પોતાનું ઈ-મેઈલ સરનામું નોંધાવવા/અપડેટ કરવા વિનંતી છે.

ii. ડીમટીરિયલાઈઝ્ડ (ડીમેટ) સ્વરૂપે શેર ધરાવતા સભ્યો, જેણે પોતાનું ઈ-મેઈલ સરનામું નોંધાવ્યું/અપડેટ કર્યું નથી, તેઓને તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ઓ) પાસે, જ્યાં તેઓ પોતાનું ડીમેટ ખાતું ધરાવે છે, ત્યાં ઈ-મેઈલ સરનામું નોંધાવવા/અપડેટ કરવા વિનંતી છે.

j. ડિવિડન્ડની ચુકવણી અને સ્ત્રોત પર કર કપાત (TDS):

I. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૧૪ મે, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં કંપનીની ૨૦મી વાર્ષિક સાધારણ સભા (AGM) માં સભ્યોની મંજૂરીને આધીન, ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થતા વર્ષ માટે રૂ. ૫/- ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર પર રૂ. ૨.૫૦/- એટલે કે ૫૦% આખરી ડિવિડન્ડની ભલામણ કરી છે.

ii. ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે ડિવિડન્ડ મેળવવા માટે સભ્યોની પાત્રતા નક્કી કરવાના હેતુ માટેની રેકોર્ડ તારીખ શુક્રવાર, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ છે.

iii. કંપનીએ ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ RTA / ડિપોઝિટરી પાસે ઈ-મેઈલ સરનામા નોંધાયેલા હોય તેવા તમામ શેરધારકોને ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ ડિવિડન્ડ પરના TDS ની વિગતવાર માહિતી અને દર્શાવેલ સમયમર્યાદામાં સબમિટ કરવાના દસ્તાવેજો/ડિક્લેરેશન વિશે જાણ કરતો ઈ-મેઈલ મોકલ્યો હતો.

બોર્ડના આદેશથી
દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સહી/-
પારસ શાંતિલાલ સાવલા
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર - DIN: 00145639

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૮.૦૮.૨૦૨૬

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, પાંચમા માળે, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટી, મુંબઈ સુબુરબાન (જિલ્લા) મહારાષ્ટ્ર-૪૦૦૦૭૨

અમદાવાદ શાખાઃ ૩૦૧, ત્રીજા માળે, એબીસી-૩, હોટેલ રેજેન્ટા સામે, ગીરીશ કોલ્ડ્રીંક નજીક, ઉમાશંકર જોશી માર્ગ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

અમદાવાદ ચાંદખેડા શાખાઃ ઓફિસ નં. ૧૯, ચોથા માળે, નક્ષત્ર મણીપ્રભુ સ્કૂલ સામે, આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪ (ગુજ)

**એપેન્ડિક્સ-૪ કબજાનોટિસ (સ્થાવર સંપત્તિ માટે)**

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.(એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૧૨)ને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ કંપનીના અધિકૃત અધિકારી તરીકે નીચે જણાવેલ દેવાદાર(રો)/જામીનદાર(રો)ને ડિમાન્ડનોટિસ(સો) ઈસ્યૂ કરીને સંબંધિત ડિમાન્ડ નોટિસ(સો)માં ઉલ્લેખ થયેલ રકમો આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ. દેવાદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, અત્રે દેવાદાર(રો)/જામીનદાર(રો)ને તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો કબજો લીધો છે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)ની જોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે. દેવાદારને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ તેના વ્યાજસહિતની રકમ સાથે એએચએફએલના ચાર્જને અધીન રહેશે.

| નં. | દેવાદાર(રો)/સહ-દેવાદારોનું નામ(મો)/ (શાખાનું નામ) | સિક્યોર્ડ એસેટ (સ્થાવર મિલકત)નું વર્ણન | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજા તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૫૧૦૦૦૦૯૮૧/ અમદાવાદ શાખા) યશ ભૂપેન્દ્રભાઈ શાહ (દેવાદાર) રેખાબેન શાહ (સહ દેવાદાર) | તમામ આવાસીય સંપત્તિ ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર અને એસ.એફ. મિલકત નં. ૬૮૨, બ્રાહ્મમન ખડકી, રામજી મંદિર રોડ, નાપા તલપાડ આણંદ ગુજરાત-૩૮૮૩૫૦ સીમાઓઃ પૂર્વેઃ રસ્તો અને ભોગીલાલનું મકાન પશ્ચિમેઃ રસ્તો, ઉત્તરેઃ જશભાઈ શાહનું મકાન, દક્ષિણેઃ નટવરલાલ ભટ્ટનું મકાન | 10-07-2024 & ₹ 8,89,471/- | 06-08-2026 |
| 2 | (લોન કોડ નં. ૨૯૪૧૦૦૦૦૩૮૯/ અમદાવાદ ચાંદખેડા શાખા) ધર્મેશ મનહરભાઈ ગજ્જર (દેવાદાર) કવિતાબેન ધર્મેશકુમાર ગજ્જર (સહ દેવાદાર) | તમામ આવાસીય સંપત્તિ આર.એસ. નં. ૫૧૬ (જૂના આર.એસ. નં. ૨૮૪), ક્ષેત્રફળ ૫૩.૭૦ ચો.મીટર, ફ્લેટ નં. એફ-૧૦૨, પહેલા માળે, જલધારા એન્ક્લેવ, ધોળકા અમદાવાદ હાઈવે, ધોળકા, અમદાવાદ, ગુજ-૩૮૨૨૨૫ સીમાઓઃ પૂર્વેઃ બ્લોક નં. ઈ, પશ્ચિમેઃ પેસેજ, સીડી અને ત્યારબાદ ફ્લેટ નં. એફ-૧૦૧, ઉત્તરેઃ સોસાયટીનો રોડ, દક્ષિણેઃ કોમન પ્લોટ દિવાલ સાથે ફ્લેટ નં. એફ-૧૦૩ | 13-05-2026 & ₹ 14,00,239/- | 06-08-2026 |

સ્થળઃ ગુજરાત
તા. ૦૮-૦૮-૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.

GUJARAT TERCE LABORATORIES LIMITED
Reg. Office:- 122/2, Ravi Estate, Bileshwarpura, Chhatral, Dist. Gandhinagar (Gujarat)
Phone: 079 - 35200400, CIN NO: L24100GJ985PLC007753
email: ho@gujaratterce.com, website:www.gujaratterce.in

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON JUNE 30, 2026** [RS.IN LAKHS]

| Sr. No. | Particulars | Quarter Ended | | Year ended |
|---|---|---|---|---|
| | | 30.06.2026 Unaudited | 30.06.2025 Unaudited | 31.03.2026 Audited |
| 1 | Income | | | |
| | a) Revenue from operations (Net) | 900.24 | 1,085.36 | 4,747.27 |
| | b) Other income | 48.23 | 9.48 | 34.04 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (14.88) | (7.10) | 348.62 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | (14.88) | (7.10) | 303.23 |
| 4 | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | (17.81) | (4.35) | 220.17 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit /(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (17.81) | (4.35) | 220.17 |
| 6 | Paid up Equity Share Capital | 779.13 | 742.03 | 779.13 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) | 175.87 | (133.63) | 193.68 |
| 8 | Earnings Per Share (of Rs.10/-each) (for continuing and discontinued operations) | | | |
| | 1. Basic: | (0.23) | (0.06) | 2.92 |
| | 2. Diluted: | (0.23) | (0.06) | 2.92 |

Notes:
1 The above Unaudited results have been reviewed by Audit Committee and approved by the Board of Directors of the Company in their meeting held on 7th August, 2026. The Statutory Auditors have carried out limited review of the financial results for the quarter ended on 30th June, 2026.
2 The above unaudited results have been prepared and presented as per Companies (Indian Accounting Standards) Rules, 2015 as amended ("Ind AS") prescribed under section 133 of the Companies Act, 2013 and in terms of Regulations 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (the "Listing Regulations"), as modified by Circular dated August, 10, 2016
3 The above is an extract of the detailed format of Financial Results for the quarter ended on 30th June, 2026 filed with the Stock exchanges as per SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations, 2015. The full format of standalone financial results are available on the website of BSE at www.bseindia.com and on company's website www.gujaratterce.in.

By and order of the Board of Director
For Gujarat Terce Laboratories Limited
Sd/-
Aalap Prajapati
(Managing Director and CEO)
DIN: 08088327

Place : Ahmedabad
Date : 07.08.2026